24825


# Dharmendrasinh P. Zala

**Advocate & Notary**

304, Amidhara Complex, 37, Karanpara, Opp. Hotel Samrat, Rajkot. Cell. 9426247757, 9376875832


પ્રતિ,
શીવ પુષ્પ બીલ્ડર્સના નામથી
ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો
(૧) ચેતનસિંહ વાસ્કુરભાઈ ખવડ,
(૨) હિતેન્દ્રસિંહ લઘુભા જાડેજા
(૩) પુષ્પરાજસિંહ શકિતસિંહ જાડેજા
બધાનુઃ ઠે." બીઝનેસ ટર્મીનલ" રામકૃષ્ણ આશ્રમ સામે,
ડો.યાજ્ઞિક રોડ,રાજકોટ.

બાબત :— ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના **રેવન્યુ સર્વે નં.૩૮૨ પૈકીની** બીનખેડવાણ જમીન પર આવેલ **" શીવનગર "** માંહેના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩૮** પૈકી તથા **પ્લોટ નં.૩૯ પૈકીની** ખુલ્લી જમીન **ચો.મી.૩૨૮—૭૭** ઉપર બાંધવામાં આવેલ **"પ્રથમ પ્રાઈમ" વાળી સ્થાવર મીલ્કતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ.**

DHARMENDRASINH P. ZALA Advocate

સુજ્ઞશ્રી,
(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટના **રેવન્યુ સર્વે નં.૩૮૨ પૈકી**ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ જમીન પર આવેલ " શીવનગર" માહેના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩૮ પૈકી જમીન ચો.મી.આ.૬૯—૩૧ સહીતની મીલ્કત શીવ પુષ્પ બીલ્ડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી** જોગ શ્રી પી.વિશ્વનાથમ વિગેરે રહે.રાજકોટ વાળા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ **અનું. નં. ૫૬૧, તા.૨૪/૦૧/૨૦૨૦** થી ખરીદ કરેલ છે તેમજ લાગુ **પ્લોટ નં. ૩૮** પૈકીની જમીન **ચો.મી.આ. ૬૯—૩૧ શીવ પુષ્પ બીલ્ડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી** જોગ શ્રી સુભાષચંદ્ર કાંતીલાલ આશરા રહે.રાજકોટ વાળા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. **નં. ૫૬૨, તા.૨૪/૦૧/૨૦૨૦** થી ખરીદ કરેલ છે. તેમજ લાગુ **પ્લોટ નં. ૩૮** પૈકીની જમીન **ચો.મી.આ.૬૯—૩૧ શીવ પુષ્પ બીલ્ડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી** જોગ ડો.સીરીષભાઈ મનહરલાલ જાની રહે.રાજકોટવાળા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. **નં. ૫૬૩, તા.૨૪/૦૧/૨૦૨૦** થી ખરીદ કરેલ છે, તેમજ લાગુ **પ્લોટ નં. ૩૯** પૈકી વિભાગ નં.૧ ની જમીન **ચો.મી.આ.૬૧—૨૪ શીવ પુષ્પ બીલ્ડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી** જોગ જયસુખલાલ મનસુખલાલ પંડયા રહે.રાજકોટ વાળા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. **નં. ૫૫૯, તા.૨૪/૦૧/૨૦૨૦** થી ખરીદ કરેલ છે, તથા લાગુ **પ્લોટ નં. ૩૯** પૈકીની જમીન **ચો.મી.આ.૬૦—૦૧ શીવ પુષ્પ બીલ્ડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી** જોગ કીશોરભાઈ રણછોડભાઈ જોટાણી

...૨...

રહે.રાજકોટવાળા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. **નં. ૫૬૦, તા.૨૪/૦૧/૨૦૨૦** થી ખરીદ કરેલ છે, ત્યાર બાદ પાંચેય મકાનોના જુના ઈમલા દુર કરી જમીન ખુલ્લી કરી કુલ **જમીન ચો.મી.આ.૩૨૮–૭૭, જેના સીટી સર્વે વોર્ડ નં.૭,સીટી સર્વે નં.૫૪૫૯ પૈકી, ટી.પી.સ્કીમ નં.૪,(રાજકોટ)ઓ.પી.નં. ૩૩ પૈકી એફ.પી.નં. ૮૯૮ તથા ૮૯૯ પૈકી** મા આવેલ છે. સદરહુ ખરીદ કરેલ પાંચેય મીલ્કતનો જુનો ઈમલો દુર કરી મીડ–રાઈઝ બીલ્ડીગ બનાવવાના હેતુસર રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનમા પાંચેય પ્લોટસનો એમો લગેશન પ્લાન મંજુર કરાવી ડેવ.ઈ.નં.૧૪ તા.૨૯/૦૫/૨૦૨૦ રજા ચીઠ્ઠી નં.૫૧ તા. ૨૩/૦૭/૨૦૨૦ થી મેળવી બાંધકામ પ્લાન મંજુર કરાવેલ છે. જે મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબ બાંધકામ કરેલ છે. જે બાંધકામ થનાર મીલ્કત **" પ્રથમ પ્રાઈમ"** તરીકે ઓળખાય છે. આમ, ઉપરોકત **" પ્રથમ પ્રાઈમ "** તરીકે ઓળખાતી રહેણાંક મીડ–રાઈઝ ઈમારત માહેના તમામ ફલેટસ તથા મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબની સહીયારી તથા અવિભાજય સુવીધાઓ સહીતની આવેલ છે.

**સદરહુ મીલ્કતની ચતુઃસીમા હદહદુ નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| ઉતર | :– | ૧૨–૦૦ મીટરનો સરીયામ રસ્તો આવેલ છે. |
| દક્ષિણ | :– | પ્લોટ નં. ૩૪ તથા ૩૫ વાળી અન્યની મીલકત આવેલ છે. |
| પુર્વ | :– | પ્લોટ નં.૩૯ પૈકીની મીલ્કત આવેલ છે. |
| પશ્ચિમ | :– | પ્લોટનં. ૩૮ પૈકીની મીલ્કત આવેલ છે. |

DHARMEDRASINH P. ZALA Advocate

ઉપરોકત ચતુઃસીમાવાળા 'પ્રથમ પ્રાઈમ' અંગેનો ટાઈટલ કલીયર રીપોર્ટ મેળવવા અમારી પાસે ફાઈલ રજુ કરતા જે જોઈ તપાસી જે અંગે સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન –૧ મા જરૂરી ૩૦ વર્ષની શોધ લઈ અમો નીચે મુજબ રીર્પોટ આપીએ છીએ,સદરહુ મીલ્કતવાળી મુળ ખેતીની જમીન પટેલ જુગા જેરામના નામની આવેલ હતી તેઓએ સદરહુ જમીન રહેણાંકના હેતુમાટે બીનખેતી કરાવવા અરજ અહેવાલ કરતા બીનખેતી હુકમ નં. ૧–૧૯૭૧ તા.૨૩/૮/૧૯૫૯ ના રોજ ઉપરોકત જમીન ખેતીના હેતુમાંથી બીનખેતી હેતુમાં તબદીલ કરી બીનખેડવાણ કરવામાં આવેલ છે અને સનંદ નં.૭૯ તા.૧૨/૯/૧૯૫૯ ના રોજ જુગા જેરામના નામની ઈસ્યુ કરવામાં આવેલ છ જુગા જેરામે તેમની માલીકીના રહેણાંકના બીનખેતી થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૩૮, ની જમીન ચો.વા.આ.૬૬૬–૬–૦ રાજકોટના રહીશ જુગા જુરામ વિગેરેએ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૩૪૧ તા.૧૮/૫/૧૯૬૧ જે ૧ નંબરની બુકના નં.૧૭૩૨ વો.૨૫૫ તા.૧૦/૭/૧૯૬૧ થી રવિલાલ છોટાલાલ પારેખને વેચાણ આપેલ હતો સદરહુ દસ્તાવેજને આધારે સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૪૫૪ તા.૩૦/૪/૯૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, અને એ રીતે તેઓ સદરહુ મીલ્કતના માલીક બનેલ,તેઓનુ અવશાન થતા તેમના કાયદેસરના અને સીધીલીટીના વારસદાર દરજજે શ્રી નિર્મલાબેન રતીલાલ પારેખ વિગેરે –૫ અરજદારોએ રાજકોટના મહે.સીવીલ જજ સી.ડી. સાહેબની કોર્ટના દિ.પ.અ.નં.૫૪/૮૮ થી પ્રોબેટ સર્ટીફીકેટ વીથ ધ

...૩...

કોપી ઓફ વીલ તા.૭/૨/૮૯ થી મેળવેલ છે સદરહુ સર્ટીફીકેટના આધારે સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૪૫૫ તા.૩૦/૪/૯૧ થી સયુંકત નામે દાખલ થયેલ છે અને એ રીતે મીલ્કત વારસાઈ રૂએ તેમને પ્રાપ્ત થયેલ સદરહુ માલીકો વચ્ચે ઘરમેળે નોટરીશ્રી સમક્ષ તા.૫/૨/૯૦ ના રોજ વહીવટમાંથી મીલ્કતનો કબજો સુપ્રત કરવાનુ લખાણ થયેલ સદરહુ લખાણ મુજબ નોંધ નં.૪૫૬ તા.૩૦/૪/૯૧ ના રોજ નિર્મળાબેન રતીલાલના એકલાના નામે દાખલ થયેલ ત્રણેય નોંધો સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ–૩ રાજકોટએ તા.૪/૭/૧૯૯૧ ના રોજ પ્રમાણીત કરેલ છે અને એ રીતે સદરહુ પ્લોટ નિર્મળાબેન રતીલાલના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીનો થયેલ તેઓએ પ્લોટ નં. ૩૮ પૈકી જમીન ચો.વા.આ.૨૪૮–૮–૦ વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૮૭૯૬ તા.૦૮/૦૭/૧૯૯૧ ના રોજ રતીલાલ છોટાલાલ પારેખના વારસદાર દરજજે શ્રીમતી નિર્મળ બેન રતીલાલ પારેખએ સદરહુ પ્લોટ દેવશીભાઈ મુળજીભાઈ વિગેરેને વેચાણ આપેલ અને એ રીતે પ્લોટ નં. ૩૮ પૈકીની ઉપરોકત જમીનના તેઓ કબજેદાર ભોગવટેદાર અને માલીક બનેલ અને સદરહુ દસ્તાવેજના આધારે નોંધ નં. ૨૩૯ તા.૯/૧/૧૯૯૨ થી દેવશીભાઈ મુળજીભાઈ વિગેરેના નામે દાખલ થયેલ તેઓએ સદરહુ જમીન પર રહેણાંકના હેતુવાળુ બાંધકામ કરવા ડેવ.શા.ઈ.નં. ૯૬૨ તા.૬/૮/૯૨ તથા રજા ચીઠ્ઠી નં. ૧૧૬૨ તા.૨૩/૧૦/૯૨ મંજુરી મેળવી બાંધકામ પ્લાન એપ્રુવ્ડ કરાવી બાંધકામ કરેલ અને બાંધકામ પૂર્ણ થતા રાજકોટ મ્યુ.કોર્પો.માંથી મકાન વપરાશ માટેના દાખલા નં.૦૧૪૦૮ તા.૧૮/૧/૧૯૯૩ થી મેળવેલ તેઓએ બનાવેલ મકાનો પૈકી પ્લોટ નં. ૩૮ પૈકીની જમીન ચો.મી.આ.૬૯–૩૧ સહીતનુ મકાન શ્રી પી.વિશ્વનાથન વિગેરેએ વે.દ.અનુ.નં.૧૨૫૫ તા.૨૩/૧/૧૯૯૬ ના રોજ દેવશીભાઈ મુળજીભાઈ વિગેરે પાસેથી ખરીદ કરેલ તેમજ પ્લોટ નં. ૩૮ પૈકી જમીન ચો.મી.આ.૬૯–૩૧ સહીતનુ મકાન વે.દ.અનુ.નં.૯૮૫૫ તા.૧૯/૧૦/૧૯૯૩ ના રોજ સુભાષભાઈ કાંતીલાલ આશરાએ દેવશીભાઈ મુળજીભાઈ વિગેરે પાસેથી ખરીદ કરેલ તેમજ પ્લોટ નં. ૩૮ પૈકીની જમીન ચો.મી.આ.૬૯–૩૧ સહીતનુ મકાન વે.દ.અનું.નં.૪૫૭૬ તા.૧૪/૫/૧૯૯૩ ના રોજ ડો.સીરીષભાઈ મનહરલાલ જાનીએ દેવશીભાઈ મુળજીભાઈ વિ.પાસેથી ખરીદ કરેલ છે સદરહુ ત્રણેય આસામીઓ સ્વતંત્ર અલગ અલગ કબજેદાર ભોગવટેદાર અને માલીક બનેલ તેમજ પ્લોટ નં. ૩૯ ની જમીન ચો.વા.આ. ૬૬૬–૦–૦ વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૪૧૨ તા.૨૪/૫/૧૯૬૧ મેસર્સ પારેખ મુલચંદ ભવાનના નામથી ચાલતી ભાગીદારી પેઢી ધોરાજીના ભાગીદાર પ્રવિણચંદ્ર મુળચંદ પારેખએ તેમના જોગના દસ્તાવેજથી જુગા જેરામ પાસેથી ખરીદ કરેલ છે અને સીટી સર્વે કચેરીમાં નોંધ નં. ૩૧૩ તેમના નામે દાખલ થયેલ ત્યારબાદ તા.૯/૮/૧૯૮૫ ના રોજ ભાગીદારી પેઢીનુ વિર્સજન થયેલ શ્રી અનોપચંદ મુલચંદનુ અવશાન થતા તેમના વારસદારો સવિતાબેન અનોપચંદ પારેખ વિગેરેએ ધોરાજીની મહે.સીવીલ જજ સી.ડી.સાહેબની કોર્ટના દિ.પ.અ.નં. ૧૧/૯૦ થી વારસા સર્ટીફીકેટ મેળવેલ છે સદરહુ વારસા સર્ટીફીકેટના પક્ષકારોએ તા.૭/૪/૧૯૯૩ ના રોજ એકઝીયુકટીવ મેજી.ધોરાજી સમક્ષ પારેખ રાજેન્દ્ર મુલચંદ જોગ કુલમુખત્યારનામુ કરી આપેલ, વેચાણ દ.અનુ. નં. ૯૮૫૬ તા.૧૩/૭/૧૯૯૫ ના રોજ પ્લોટ નં.

...૪...

DHARMEDRASINH P. ZALA
Advocate

૩૯ પૈકી જમીન ચો.મી.આ.૧૩૯–૧૯ નરેન્દ્ર નારણભાઈ ઉર્ફે નારણદાસ કાચાએ ખરીદ કરતા સીટી સર્વે કચેરી નોંધ નં.૧૨૬ થી તેમનુ નામ સીટી સર્વે કચેરીમાં દાખલ થયેલ છે,નરેન્દ્ર નારણભાઈ ઉર્ફે નારણદાસ કાચાએ સદરહુ પ્લોટ નં. ૩૯ પૈકીની ખરીદ કરેલ જમીન ઉપર રહેણાંકલાયક મકાન બનાવવા રા.મ્યુ.કોર્પો.માંથી નં. ૦૦૦૧૫૩ તા.૧૬/૫/૧૯૯૮ થી બાંધકામ પરવાનગી તેમજ ડે.વ.શા.ઈ.નં.૧૯૨૩ તા.૬/૩/૯૮ થી પરવાનગી મેળવી એપ્રુવ્ડ બીલ્ડીંગ પ્લાન મુજબ મકાનો બનાવેલ મકાનોનુ બાંધકામ પૂર્ણ થતા રાજકોટ મ્યુ.કોર્પો.માંથી તેઓએ ૦૦૦૧૦૪૩ તા.૨૯/૫/૧૯૯૮ થી મકાન વપરાશ માટેનો દાખલો મેળવેલ છે.એ રીતની તેઓના સ્વતંત્ર કબજા ભોગવટાની મીલ્કત માંહેથી પ્લોટ નં. ૩૯ ના વિભાગ નં.૧ ની જમીન ચો.મી.આ.૬૦–૧ ઉપરનુ મકાન વે.દ.અનુ.નં.૪૬૫૩ તા.૧૩/૭/૨૦૦૬ થી કિશોરભાઈ રણછોડભાઈ જોટાણીને નરેન્દ્રભાઈ નારણદાસ કાચાએ વેચાણ આપેલ સદરહુ દસ્તાવેજમાં અટકની ભુલ થતા તે અંગે કિશોરભાઈ રણછોડભાઈ છોટાણીએ ડેકલેરેશન અનુ.નં.૪૫૧ તા.૨૧/૧/૨૦૨૦ થી નોંધાવેલ છે અને એ રીતે તેઓ સદરહુ મીલ્કતના માલીક બનેલ તેમજ નરેન્દ્રભાઈ દામોદરદાસ કાચાએ પ્લોટ નં.૩૯ પૈકી વિભાગ નં.૧ ની જમીન ચો.મી.આ.૬૧–૨૪ સહીતનુ મકાન વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૦૬૮૦ તા.૨૧/૭/૧૯૯૮ ના રોજ જયસુખલાલ મનસુખલાલ પંડયાને વેચાણ આપેલ છે અને રીતે તેઓ સદરહુ મીલ્કતના કબજેદાર,ભોગવટેદાર અને માલીક બનેલ છે ઉપરોકત રીતે પાચેય મકાનો પ્લોટ નં. ૩૮ પૈકી તથા પ્લોટ નં. ૩૯ પૈકીની જમીન પર ઉપરોકત આસામીઓની માલીકીના આવેલ હતા સર્વે આસામીઓના સીટી સર્વે કચેરીના રેકર્ડમાં નામ દાખલ કરવામાં આવેલ છે ઉપરોકત પાચેય જમીન મીલકતો પૈકી પ્લોટ નં. ૩૯ પૈકી વિભાગ નં.૧ ની જમીન ચો.મી.આ.૬૧–૨૪ સહીતનુ મકાન વે.દ.નં.૫૫૯ તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ જયસુખલાલ મનસુખલાલ પંડયા પાસેથી શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ છે.તેમજ પ્લોટ નં.૩૯ પૈકી વિભાગ નં.૧ ની જમીન ચો.મી.આ.૬૦–૦૧ સહીતનુ મકાન વે.દ.નં.૫૬૦ તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ કિશોરભાઈ રણછોડભાઈ જોટાણી પાસેથી શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ છે.તેમજ પ્લોટ નં.૩૮ પૈકીની જમીન ચો.મી.આ.૬૯–૩૧ સહીતનુ મકાન વે.દ.નં.૫૬૧ તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ શ્રી પી.વિશ્વનાથમ વિગેરે પાસેથી શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ છે.તેમજ પ્લોટ નં.૩૮ પૈકીની જમીન ચો.મી.આ.૬૯–૩૧ સહીતનુ મકાન વે.દ.નં.૫૬૨ તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ શ્રી સુભાષચંદ્ર કાંતીલાલ આશરા પાસેથી શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ છે.તથા પ્લોટ નં.૩૮ પૈકીની જમીન ચો.મી.આ.૬૯–૩૧ સહીતનુ મકાન વે.દ.નં.૫૬૩ તા.૨૪/૧/૨૦૨૦ ના રોજ ડો.સીરીષભાઈ મનહરલાલ જાની પાસેથી શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ છે,અને એ રીતે સદરહું મીલકત શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીની માલીકીની થયેલ છે,અને તેની નોંધ સીટી સર્વે કચેરીના રેકર્ડમાં કરવામાં આવેલ છે આમ સદરહુ ભાગીદારી પેઢીએ પાંચેય મકાનોવાળા જુના ઈમલા દુર કરી જમીન ખુલ્લી કરી એકત્રીકરણ કરી કુલ જમીન ચો.મી.આ.૩૨૮–૭૭ ઉપર રાજકોટ મ્યુ.કોર્પોરેશનમાંથી ડેવ.શા.ઈ.નં.૧૪

DHARMENDRASINH P. ZALA Advocate

...૫...

**તા.૨૯/૫/૨૦૨૦,રજા ચીઠ્ઠી નં.૫૧ તા.૨૩/૭/૨૦૨૦ થી મીડ–રાઈઝ બીલ્ડીંગ બનાવવાનો પ્લાન એપ્રુવ્ડ કરાવી અને બાંધકામ કરે છે સદરહુ મીલ્કતો રાજકોટના સીટી સર્વે વોર્ડ નં.૭/૩,માં સમાવેશ થયેલ છે અને જેના સીટી સર્વે નં.૫૪૫૯ પૈકીમાં આવેલ છે રાજકોટમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ અમલમાં આવતા આ મીલ્કત ટી.પી.સ્કીમ નં.૪,રાજકોટના ઓ.પી.નં.૩૩ ના એફ.પી.નં.૮૯૮ તથા ૮૯૯ પૈકીમાં સમાયેલ છે આમ ઉપરોકત મીલ્કતને લગતા ઉતરોતર ટાઈટલો નીચે મુજબના આવેલ છે.**

(૧) રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં.૫૧, તા.૨૩/૦૭/૨૦૨૦ ની નકલ તથા આરંભ પ્રમાણપત્ર નં. ડેવ.શા.ઈ. નં.૧૪ તા.૨૯/૦૫/૨૦૨૦ ની નકલ.

(૨) મંજુર થયેલ બાંધકામ પ્લાનની તથા એમોલગેશન પ્લાનની નકલ.

(૩) શીવપુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢીના નામના પ્રોપટીકાર્ડના ઉતારાની નકલ.

(૪) શીવપુષ્પ બીલ્ડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના તા.૨૧/૦૭/૨૦૧૮ ના રોજનો ભાગીદારી દસ્તાવેજ નકલ તથા આર.ઓ.એફ.ની નકલ.

(૫) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૫૫૯, તા.૨૪/૦૧/૨૦૨૦ થી શીવ પુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢી જોગ જયસુખલાલ મનસુખલાલ પંડયા એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નકલ.

(૬) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૫૬૦, તા.૨૪/૦૧/૨૦૨૦ થી શીવ પુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢી જોગ કિશોરભાઈ રણછોડભાઈ જોટાણી એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નકલ.

(૭) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૫૬૧, તા.૨૪/૦૧/૨૦૨૦ થી શીવ પુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢી જોગ શ્રી પી.વિશ્વનાથમ વિગેરે એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નકલ.

(૮) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૫૬૨, તા.૨૪/૦૧/૨૦૨૦ થી શીવ પુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢી જોગ સુભાષચંદ્ર કાંતીલાલ આશરા એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નકલ.

(૯) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૫૬૩, તા.૨૪/૦૧/૨૦૨૦ થી શીવ પુષ્પ બીલ્ડર્સ ભાગીદારી પેઢી જોગ ડો.સીરીષભાઈ મનહરલાલ જાની એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નકલ.

(૧૦) રજીસ્ટર્ડ અનુ.નં.૪૫૧ તા.૨૧/૧/૨૦૨૦ થી કિશોરભાઈ રણછોડભાઈ જોટાણીએ નોંધાવેલ ડેકલેરેશનની નકલ.

(૧૧) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૪૭૫૩, તા.૧૩/૦૭/૨૦૦૬ થી કિશોરભાઈ રણછોડભાઈ જોટાણી જોગ નરેન્દ્રભાઈ નારણદાસ કાચા એ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

(૧૨) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું. નં. ૧૦૬૮૦, તા.૨૧/૦૭/૧૯૯૮ થી જયસુખલાલ મનસુખલાલ પંડયા જોગ નરેન્દ્રભાઈ નારણદાસ કાચા એ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

...૬...

DHARMEDRASINH P. ZALA Advocate

(૧૩) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૨૫૫ તા.૨૩/૧/૧૯૯૬ ના રોજ શ્રી પી.વિશ્વનાથમ વિગેરે જોગ દેવશીભાઈ મુળજીભાઈ વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

(૧૪) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૫૭૬ તા.૧૪/૦૫/૧૯૯૩ ના રોજ ડો.સીરીષભાઈ મનહરલાલ જાની જોગ દેવશીભાઈ મુળજીભાઈ વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

(૧૫) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૯૮૮૫ તા.૧૦/૧૦/૧૯૯૩ ના રોજ સુભાષભાઈ કાંતીલાલ આશરા જોગ દેવશીભાઈ મુળજીભાઈ વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

(૧૬) રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૯૮૫૬ તા.૧૩/૦૭/૧૯૯૫ થી નરેન્દ્રભાઈ નારણદાસ કાચા જોગ રાજેન્દ્રભાઈ મુલચંદભાઈ પારેખ વિગેરેએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

(૧૭) રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૮૭૯૬ તા.૦૮/૦૭/૧૯૯૧ થી દેવશીભાઈ મુળજીભાઈ વિગેરે જોગ સ્વ.રતીલાલ છોટાલાલ પારેખના વારસદાર શ્રીમતી નિર્મળાબેન રતીલાલ પારેખએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

(૧૮) રાજકોટના મહે.સીવીલ જજ સી.ડી.સાહેબની કોર્ટના દિ.પ.અ.નં. ૫૪/૪૮ તા.૫/૧૨/૧૯૮૯ થી નિર્મળાબેન રતીલાલ પારેખ વિગેરે જોગ ઈસ્યુ કરેલ પ્રોબેટ સર્ટીફીકેટ વીથ ધ કોપી ઓફ વીલની નકલ.

(૧૯) રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૩૪૧ તા.૧૮/૫/૧૯૬૧ જે ૧ નંબરની બુકના નં.૧૭૩૨ પૈજ નં.૧૫૫ થી ૧૫૯ તા.૧૦/૭/૧૯૬૧ થી રતીલાલ છોટાલાલ પારેખ જોગ જુગા જેરામે કરી આપેલ દસ્તાવેજની નકલ.

(૨૦) પ્રવિણચંદ મુલચંદ પારેખ વિગેરે રાજેન્દ્ર મુલચંદ પારેખને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

(૨૧) દિ.પ.અ.નં.૧૧/૯૦તા.૩/૧/૧૯૯૧ ના રોજ ધોરાજીના મહે.સીવીલ જજ સી.ડી.સાહેબ ધોરાજીએ સવિતાબેન અનોપચંદ પારેખ જોગ ઈસ્યુ કરેલ વારસા સર્ટીફીકેટની નકલ.

(૨૨) સનંદ નં.૭૯ તા.૧૨/૦૯/૧૯૫૯ થી જુગા જેરામના નામની છે તેની નકલ.

(૨૩) બીનખેતી હુકમનં.૧–૧૯૭૧ તા.૨૩/૦૮/૧૯૫૯ ના જુગા જેરામના નામના બીનખેતી હુકમની નકલ.

**અમોએ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૧ રાજકોટ પહોંચ નં. ૨૦૨૦૦૨૨૦૧૭૩૫૮ તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ જરૂરી ૧૯૯૦ થી ૨૦૨૦ સુધીના રજીસ્ટર તપાસી સદરહુ મીલ્કત અંગે શોધ (સર્ચ) લીધેલ છે સદરહુ પહોંચ આ સાથે રજુ છે.**

**ઉપરોકત દર્શાવેલ દસ્તાવેજો તથા અમોએ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા લીધેલ શોધ અને દસ્તાવેજોની ચકાસણીમા આ મીલ્કત ઉપર કોઈ ચાર્જ હોવાનુ માલુમ પડેલ નથી અને તે અંગેના કોઈ દસ્તાવેજો નોંધાવવાનુ માલુમ પડેલ નથી અને તેથી આ મીલ્કતના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ અને લોનેબલ છે તેઓ મારો અભીપ્રાય આપુ છું.**

**રાજકોટ,તા.૧૯/૧૦/૨૦૨૦**

DHARMEDRASINH P. ZALA Advocate

**ધર્મેન્દ્રસિંહ પી.ઝાલા**
**(એડવોકેટ–નોટરી)**

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં-382 પૈકી પ્લોટ નં-38 થી 39 પૈકી TP-4 FP-899પૈકી

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૨૦૧૭૩૫૮ | અરજી નંબર | ૧૧૮૬૧ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૩૦ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ ડી.પી.ઝાલા(એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT રાજકોટ સબ રજીસ્ટ્રારનો સિક્કો

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી............................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો............................................ | |
| શેરોની નકલ કરવા માટે ફી................................................ | |
| ટપાલ ખર્ચ............................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................... | |
| શોધ અગર તપાસણી............Year: 1990 2020 | ૩૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................ | |
| નકલ ફી ફોલીયો....................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ......................................................... | |
| કુલ એકંદરે રૂ. | ૩૨૦.૦૦ |

અંકે રૂપીયા ત્રણ સો વીસ પુરા

દસ્તાવેજ ___________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ________________ આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એમ.જે.રાજયગુરૂ
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 320.00

20200930949198688

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1